Title-Code:-GUJGUJ18109

E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર

Mo- 9016924808

YEAR-02, ISSUE- 06,(SURAT), DATE-31/07/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૦૬, (સુરત), તા.૩૧/૦૭/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફળિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 સાપુતારા મેઘ મલ્હાર પર્વનો નો પ્રારંભ:ગિરિમથક ખાતે ૨૯ જુલાઈથી ૨૮ ઓગસ્ટ સુધી 'મોન્સૂન ફેસ્ટિવલ'નું ભવ્ય આયોજન કરાયું

3 સુરત જિલ્લા કોગ્રેસ સમિતિના આગેવાનોએ માંગરોળના પૂર અસરગ્રસ્ત ગામોની મુલાકાત કરી લોકોની વેદના સાંભળી

4 વ્યાજનું દુષણ એ સમાજનો સૌથી મોટો ગુનો છે.વ્યાજખોરોએ માનવતાનો ધર્મ બજાવવો જોઈએ - ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી

ઓલપાડ તાલુકાની ટકારમા પ્રાથમિક શાળામાં બાળમેળો યોજાયો

ઓલપાડ- ઓલપાડ તાલુકાની ટકારમા પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૫ નાં બાળકો માટે બાળમેળા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલવાટિકા થી ધોરણ - ૫ સુધીના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકો દ્વારા વિવિધ પ્રકારની જીવન કૌશલ્ય આધારિત પ્રવૃતિઓ જેવી કે કાગળકામ, રંગકામ, માટીકામ, ભરતગુંથણ વગેરે પ્રવૃતિઓ કરવામાં આવી હતી. બાળકો દ્વારા માટીમાંથી વિવિધ શૈક્ષણિક રમકડા બનાવવામાં આવ્યા હતા. તથા પશુ - પક્ષીઓ ના ચિત્રો દોરી તેમાં રંગપૂરણી, વિવિધ આકારો ના મોડલો તૈયાર કરવામાં આવ્યા હતા. શાળાના શિક્ષિકા કિમ્પલબેન પટેલ તથા વિભૂતિબેન ટંડેલ નાં માર્ગદર્શન હેઠળ બાળકો દ્વારા વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

જિલ્લામાં મેઘમહેર યથાવત ઓલપાડ તાલુકામાં ૨ ઈંચ

બારડોલી- સુરત જિલ્લામાં સોમવારના રોજ વરસાદનું જોર જોવા મળ્યું હતું. જિલ્લામાં ૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જિલ્લાના તમામ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સુરત જિલ્લામાં છેલ્લા દસ દિવસથી મેઘમહેર રહી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં નોંધપાત્ર વરસાદ થઈ ગયો છે. બે દિવસમાં વરસાદનું જોર ધીમુ પડ્યું હતું.

ત્યારબાદ સોમવારના રોજ ફરી મેઘરાજાએ મહેર વર્ષાવી હતી. સોમવારના રોજ વહેલી સવારથી જ વરસાદ શરૂ થયો હતો.સૌથી વધુ વરસાદ ઓલપાડ તાલુકામાં બે ઈંચ એટલે ૫૩ મિમી વરસાદ નોંધાયો હતો. સૌથી ઓછો વરસાદ ઉમરપાડા તાલુકામાં ૭ મિમી નોંધાયો હતો.

૨૦૦ ફૂટ ઊંચાઈથી પડતા ધોધથી કુદરતી સૌદર્ય ખીલ્યું, વનરાજીએ ઓઢી લીલી ચાદર

તાપી (વ્યારા)- તાપી જિલ્લામાં ધોધમાર વરસાદ વરસતા વનરાજીએ લીલી ચાદર ઓઢી છે અને જિલ્લામાં આવેલા મોટેભાગના ધોધ સક્રિય થયા છે. સોનગઢનો ચીમેર ધોધ સોળે કળાએ ખીલતા રમણીય નજારો સામે આવ્યો છે. આશરે ૨૦૦ ફૂટ ઊંચાઈથી પડતા ધોધને લઈને કુદરતી સૌદર્ય ખીલ્યું છે. જુઓ ક્વીન નેકલેસ તરીકે ઓળખાતા ચીમેર ધોધનો ડ્રોન નજારો.

તાપી જિલ્લામાં અવિરત વરસી રહેલા ધોધમાર વરસાદને પગલે પ્રાકૃતિક સૌદર્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું છે. જંગલાચ્છાદિત હરિયાળા તાપી જિલ્લામાં ચીમેર ધોધે ગોલ્ડન વોટર નેકલેસ પહેરાવ્યો હોય એમ આકાશી તસવીરથી ઊડીને આંખે વળગે છે. છેલ્લા બે દિવસથી સોનગઢ અને ઉપરવાસમાં ભારે વરસાદને લઈને જંગલ વિસ્તારોમાં વનરાજી ખીલી ઊઠી છે અને વિવિધ ધોધ મન મૂકીને આગળ વહી રહ્યા છે. ત્યારે સોનગઢથી અંદાજિત ૪૦ કિ.મીના અંતરે આવેલ જંગલ વિસ્તારનો હિંદલાની બાજુમાં આવેલ ચીમેરનો કુદરતી ધોધ સોળે ખીલી ઊઠ્યો છે.

છેલ્લા ત્રણ-ચાર દિવસથી ઉપરવાસ અને સ્થાનિક કક્ષાએ આવેલા વરસાદને લઈને આ વર્ષની સિઝનમાં પ્રથમ વખત આ ધોધ સક્રિય થયો છે. જેને જોવા અને કુદરતી સૌદર્ય નિહાળવા માટે સુરત, તાપી સહિત મહારાષ્ટ્રથી મોટી સંખ્યામાં સહેલાણીઓ આવે છે. સોનગઢના ચીમેર ગામે આવેલ ચીમેર ધોધ આશરે ૨૦૦ ફૂટ વધુ ઊંચાઈએથી જમીન પર પડે છે.

ચોમાસામાં તાપી જિલ્લામાં લીલીછમ વનરાજી વચ્ચે કુદરતી સૌદર્ય ખીલી ઊઠ્યું છે અને વનરાજીએ લીલી ચાદર ઓઢી છે. ચીમેર ધોધનો મનમોહક નજારો સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

માંડવી તાલુકાના જામકુઈ સહકારી માધ્યમિક શાળા ખાતે સાંસદ પ્રભુ વસાવાની ઉપસ્થિતિમાં શિબિર યોજાઈ

બારડોલી- સુરતના માંડવી તાલુકાના જામકુઈ સહકારી માધ્યમિક શાળા ખાતે સાંસદ પ્રભુ વસાવાના ઉપસ્થિતિમાં ઓમ સુરવયમ ટ્રસ્ટ દ્વારા આયોજીત સર્વરોગ નિદાન અને સારવાર શિબિર યોજાઈ હતી. જેમાં જનરલ સર્જરીના ૩૦, મેડીસીનના ૬૦, ઈસીજીના ૧૦, ઓર્થોપેડીક ૮૦, ડેન્ટલ ૩૦, સ્કિન ૨૫, આઈ કેટરેકટ સર્જરી ૪૦ અને ચશ્માના ૧૦૦ મળી કુલ ૩૭૫ દર્દીઓએ સારવાર લીધી હતી.

તાપી વન ગ્રામ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ, વી.કેર.કોલેજ ઓફ નર્સિંગ, ઓમ આર્યામ ટ્રસ્ટ અને કરૂણા ફાઉન્ડેશન બારડોલીના સહયોગથી આયોજિત શિબિરમાં વિના મૂલ્યે કાર્ડિયોગ્રામ અને બ્લડ શુગરની તપાસ, દવા વિતરણ, આંખના નંબર તપાસી ચશ્મા વિતરણ, મોતિયા બિંદુંનુંઓપરેશન, દાંતની તપાસ, રાહત દરેચોક્ઠાની તપાસ અને અન્ય ઓપરેશન જેવી સેવાઓ આપવામાં આવી હતી.

સર્વરોગ નિદાન શિબિરમાં ડો. ખુશાલ દેસાઈ, ડો. રંજનબેન દેસાઈ, ડો. મનસુખભાઈ, ડો. નટવર વસાવા, ડો. આનંદ પટેલ, ડો.અમી પટેલ, ડો. બિપિન પટેલ અને ડો.અતુલ દેવાએ સારવાર આપી હતી.

મોડીરાત્રે મંદિરમાં ચોરી કરવા આવેલા બે તસ્કરને સ્થાનિકોએ રંગેહાથ ઝડપી ધોઈ નાખ્યા

બારડોલી- સુરત જિલ્લામાં દિન-પ્રતિદિન તસ્કરોનો તરખાટ વધી ગયો છે. તસ્કરો એક પછી એક ચોરીની ઘટનાને અંજામ આપી પોલીસ અને લોકોની ઊંઘ હરામ કરી રહ્યા છે. ત્યારે વધુ એક તસ્કરો પલસાણા તાલુકામાં ખાતર પાડવા ગયા હતા. મોડી રાત્રે મંદિરમાં ચોરી કરવા આવેલા બે તસ્કરોને સ્થાનિકોએ રંગે હાથ ઝડપી બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો. જે બાદ પોલીસને સોપ્યા હતા. જે સમગ્ર ઘટનાના ઈઈઝટ સામે આવ્યા છે.

પલસાણા તાલુકાના ગાંગપુર આવેલા આવે રામજી મંદિરને બે તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. મોડી રાત્રે ત્રણ વાગ્યાના અરસામાં મંદિરમાં પ્રવેશી ખાંખાંખોળા કરી રહ્યા હતા. તે દરમિયાન સ્થાનિકો જાગી ગયા હતા. જેથી સ્થાનિકોએ બન્ને તસ્કરોને રંગે હાથ ઝડપી લીધા હતા અને બરાબર મેથીપાક ચખાડી પલસાણા પોલીસને જાણ કરી હતી.

ગાંગપુર ગામના સ્થાનિકોએ બન્ને તસ્કરોને રંગે હાથ ઝડપી લીધા હતા અને બરાબર મેથીપાક ચખાડી પલસાણા પોલીસને જાણ કરી હતી. પલસાણા પોલીસ તુરંત સ્થળ પર દોડી ગઈ હતી અને બન્ને તસ્કરોનો કબજો લઇને અત્યાર સુધીમાં કેટલી ચોરી કરી, અન્ય કેટલા ઈસમો સંડોવાયેલા છે એ દિશામાં પૂછપરછ હાથ ધરી હતી. ત્યારે તસ્કરોને ગ્રામજનોએ રંગે હાથ ઝડપ્યાના લાઈવ વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાઇરલ થયા હતા.

સમગ્ર ઘટનાના CCTV સામે આવ્યા છે. જેમાં દેખાઈ રહ્યું છે કે, છત્રી સાથે બે લોકો ધીમે ધીમે મંદિરમાં પ્રવેશ કરે છે. જે બાદ મંદિરનો દરવાજો બંધ કરી અને હોલમાં પ્રવેશે છે. ત્યાર બાદ મંદિરના ગર્ભગૃહના દરવાજાથી મંદિરમાં ઝાંખે છે. જે બાદ આજુબાજુમાં આંટા મારી કોઈ છે કે નહિ તેની તપાસ કરતા હોય તેવું દેખાઈ રહ્યું છે.

એક પેડ માં કે નામ-અંતર્ગત રાણીઆંબા ખાતે ૭ હજાર લોકોએ સ્વયંભૂ વૃક્ષોનું વાવેતર કર્યું

પ્રકૃતિ સંવર્ધન સમિતિ, સામાજીક વનીકરણ, સુરત અને વિસ્તરણ રેજ સોનગઢના સંયુક્ત ઉપક્રમે 'એક પેડ માં કે નામ' હેઠળ તાપીવાસીઓએ હજારો વૃક્ષોનું વાવેતર કરી વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરી દેશના લોકોને ઐતિહાસિક સંદેશો આપ્યો- ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવી

તાપી- તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના રાણીઆંબા ગામે આજરોજ ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવી, વન અને પર્યાવરણ રાજયમંત્રી અને પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ જાલમસિંહ વસાવા, સાંસદ પ્રભુભાઈ વસાવા, ધારાસભ્યશ્રીઓ ડો. જયરામભાઈ ગામીત, મોહનભાઈ કોંકણી ની ઉપસ્થિતિમાં 'એક પેડ માં કે નામ' અંતર્ગત હજારો વૃક્ષોનું વાવેતર કર્યું હતું.

દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના તમામ નાગરિકોને કાશ્મીરથી કન્યાકુમારી સુધી 'એક પેડ માં કે નામ' અંતર્ગત વૃક્ષો વાવવા માટે હાકલ કરી છે. ત્યારે તમામ તાપીવાસીઓને રાજય સરકાર વતી અભિનંદન આપતા ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આજે સમગ્ર દેશને એક ઐતિહાસિક સંદેશો તાપી જિલ્લાના આદિવાસી ભાઈઓ-બહેનોએ આપ્યો છે. ગ્લોબલ વોર્મિંગ માં વૃક્ષો વધુ ઉછેરવા પડે એમ છે. ત્યારે અહીંના લોકોએ સાર્થક કર્યું છે.આપણી માતાની યાદમાં એક વૃક્ષ વાવીને તેનું જતન કરવુ જોઈએ.

વન અને પર્યાવરણ રાજયમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે કહ્યું હતું કે આજનો પ્રસંગ ઐતિહાસિક છે. પ્રધાનમંત્રીશ્રીનું સ્વપ્ન છે કે ૧૪૦ કરોડ વૃક્ષોનું વાવેતર થાય. આજે ૭ હજાર વૃક્ષોનું વાવેતર થઈ રહ્યું છે. જે આપણા સૌના માટે યાદગાર ક્ષણ બની રહેશે. પ્રકૃતિ સંવર્ધન સમિતિ, સામાજીક વનીકરણ, સુરત અને વિસ્તરણ રૈજ સોનગઢના સંયુક્ત ઉપક્રમે 'એક પેડ માં કે નામ' હેઠળ આદિવાસી ભાઈઓ-બહેનોએ વરસતા વરસાદમાં પ્રકૃતિના ખોળે રહીને ડુંગરો ઉપર હજારો વૃક્ષોનું વાવેતર કરીને તાપીને માની મમતાનું સાચુ સરનામુની ઓળખ અપાવી હતી. આ પ્રસંગે નાયબ વન સંરક્ષકશ્રી આનંદકુમાર, પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ, મયંકભાઈ જોશી, વિક્રમભાઈ તરસાડિયા, પ્રકૃતિ સંવર્ધન સમિતિ પ્રમુખ જયરામભાઈ પાંચીચાભાઇ ગામીત, વન વિભાગ સહિત વન મંડળીઓ, સરપંચો અને નાગરિકોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

કામરેજ પોલીસે કોસમાડી ગામે

પૂઠાની આડમાં લઈ જવાતો પીકઅપમાંથી ૧.૩૬ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

બારડોલી-કામરેજ પોલીસે પૂર્વ બાતમીનાં આધારે કોસમાડી ગામે પીકઅપમાંથી ૧ લાખ ૩૬ હજાર કિંમતનાં વિદેશી દારૂનાં જથ્થા સાથે એકની અટક કરતા ચકચાર મચી ગઇ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, કોસમાડી ગામની સીમમાં ને.હા.નં-૪૮થી કોસમાડી તરફ જવાનાં ખેતરાડી જતા રોડ પર સફેદ કલરની પીકઅપ નં. જીજે ૧૫-એવી-૫૭૮૨માં પુઠ્ઠાનાં રોલની આડમાં વિદેશી દારૂનો જથ્થો લઇને પસાર થનાર હોવાની કામરેજ પોલીસને બાતમી મળી હતી. હરકતમાં આવેલી કામરેજ પોલીસે ઉપરોક્ત બાતમી વર્ણન અનુસાર સ્થળ પર પહોંચી જઇ સદર પીકઅપને અટકાવી જેની અંદર તપાસ કરતા પોલીસને વિપુલ પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બનાવનાં સ્થળેથી ૧ લાખ ૩૬ હજાર હજાર કિંમતની ૧૩૬૮ નંગ વિદેશી દારૂની બોટલ, ૦૫ લાખ કિંમતની પીકઅપ, ૦૫ હજાર કિંમતનો મોબાઇલ મળી પોલીસે કુલ ૦૬ લાખ ૪૧ હજાર ૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પોલીસે પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી મોહંમદ હુસેન મોહંમદ ઇકબાલ મનસુરી રહે કુરલા મુંબઇની અટક કરી (૧) વિદેશી દારૂ જથ્થો મંગાવનાર રાકેશ, (૨) વિદેશી દારૂનો જથ્થો ભરાવનાર અક્ષયને પોલીસે વોન્ટેડ જાહેર કરી જેમને ઝડપી પાડવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

સેન્ટીગ કામ કરતો યુવક બીજા માળેથી પટકાતાં મોત

આંબોલી- સુરતના સીમાડા વિસ્તારમાં રહેતા ૨૮ વર્ષીય અશ્વિન છનાભાઈ બારીઆ દિપક ગજેરા નામના કોન્ટ્રાકટરને ત્યાં કામ કરતા હતા.ગત ૨૧ જુલાઈના રોજ ખોલવડની અનંતા વીલા સોસાયટી ખાતેના મકાન નંબર ૨૬ના બીજા માળે બહારની સાઇડમાં સળિયા ફીટ કરવાનું કામ કરી રહેલા અશ્વિનભાઈનું બેલેન્સ ના રહેતા તે સીધા રોડ પર નીચે પટકાયા હતા. છાતી અને કમરના ભાગે ગંભીર રીતે ઇજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ મારફતે તેમને સુરતની સ્મીમેર હોસ્પીટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા.જ્યાં સારવાર દરમ્યાન રવિવારે તેમનું મોત નીપજયું હતું.

વ્યારા ખાતે હિપેટાઈટીસ દિવસની ઉજવણી કરાઈ

વ્યારા સમગ્ર વિશ્વમાં ૧૫ જુલાઈ થી ૨૮ જુલાઈ સુધી હિપેટાઈટીસ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે તાપી જીલ્લાના મુખ્ય મથક વ્યારા ખાતે It's Time for Action થીમ હેઠળ હિપેટાઈટીસ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે આજરોજ તારીખ ૨૬/૦૭/૨૦૨૪ ના શુક્રવારનાં રોજ અજય જનકરાય શાહ નર્સિંગ ઇંસ્ટિટ્યૂટ વ્યારા તેમજ અરૂણાબેન ભક્તા નર્સિંગ કોલેજ બાજીપુરા નાં નર્સિંગના વિદ્યાર્થીઓ ને જન જાગ્રુતિનાં ભાગરૂપે હિપેટાઈટીસ અંગેની વિસ્તૃત સમજણ આપવામાં આવી. તથા એચ.આઈ.વી. અને ટી.બી. જાતિય રોગો જેવા સંક્રમિત રોગોની સમજણ આપવામાં આવી.જેમાં નોડલ ઓફિસર ડિસ્ટ્રીક્ટ ટી.બી અધિકારી ડો. રાજુભાઈ ચૌધરી, એ.આર.ટી મેડિકલ ઓફિસર ડો. નિરવ ગામીત, નોડલ ઓફિસર ડો. નિમેશ ચૌધરી (ફિજીસિયન જનરલ હોસ્પિટલ, વ્યારા), ડો. ચિરાગ ધોધારી (માઇક્રોબાયોલોજીસ્ટ જનરલ હોસ્પિટલ, વ્યારા), ડી. પી. સી. ડો. ગ્રીષ્મા ગામીત તેમજ આઈ.સી.ટી. સી કાઉન્સેલર મયંકભાઈ ચૌધરી, જશોદાબેન ગામીત, એસ.ટી.આઈ કાઉન્સેલર નરેશભાઇ ગામીત તેમજ નર્સિંગ કોલેજનાં સ્ટાફ તથા ટી.આઈ. એન.જી. ઓ. આશ્રય ફાઉન્ડેશન નાં મેનેજર મહેદ્રભાઇ પટેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

100% Satisfaction GUARANTEED
TRUSTED BRAND

Atmiya Properties
Property Sale,Buy,Rent & Loan services.
Home Loan,
Mortgage Loan,
Personal Loan,
Business Loan,
Vehicle Loan,
Over Draft (OD),
Cash Credit (CC),
Education Loan,
Agriculture Loan,
Project Loan,
કોઈપણ પ્રકારની લોન માટે
આજે જ સંપર્ક કરો.
Mo. 9825335858,
+91 90169 24808,
+91 97127 93281,
દરેક પ્રકારની પ્રોફાઇલ પર
લોન કરી આપીશું.
સર્વિસ ચાર્જ
કેશ મુજબ રહેશે.

સાપુતારા મેઘ મલ્હાર પર્વનો નો પ્રારંભ:ગિરિમથક ખાતે ૨૯ જુલાઈથી ૨૮ ઓગસ્ટ સુધી 'મોન્સૂન ફેસ્ટિવલ'નું ભવ્ય આયોજન કરાયું

ડાંગ (આહવા)- ગુજરાતના એકમાત્ર હીલ સ્ટેશન એવા સાપુતારા ખાતે પ્રવાસન વિકાસની સાથે સાથે સ્થાનિક રોજગારીના વ્યાપને વધારવા અને તેને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી રસાપુતારા મેઘ મલ્હાર પર્વ ૨૦૨૪ નો આજે પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. રોડ અને રેલ્વેની શ્રેષ્ઠ કનેક્ટિવિટી અને માળખાકીય સુવિધાઓ, શાંતિ અને સુરક્ષાને કારણે ગુજરાત પ્રવાસીઓની પસંદગીનું સ્થળ બન્યું છે. ગિરિમથક સાપુતારા ખાતે ગાઢ ધુમ્મસની પથરાયેલી ચાદર વચ્ચે રીમઝીમ રીમઝીમ વરસતા વરસાદમાં પ્રવાસન મંત્રી સહિતના મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરીને 'મેઘ મલ્હાર પર્વ ૨૦૨૪'નો પ્રારંભ કરાવ્યો હતો.

ટુરિઝમ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ સહિત જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓએ મંત્રી સહિતના મહાનુભાવોનું પુષ્પ અને સ્મૃતિ ભેટ આપી સ્વાગત કર્યું હતું. ગિરિમથક સાપુતારા ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજયના પ્રવાસન નિગમ દ્વારા તા.૨૯ જુલાઈથી ૨૮ ઓગસ્ટ એમ એક માસ માટે 'મોન્સૂન ફેસ્ટિવલ'નું ભવ્ય આયોજન કર્યુંછે. સને ૨૦૦૯ થી શરૂ કરાયેલા 'મોન્સુન ફેસ્ટિવલ' નો આજે પ્રારંભ થયો છે.

પ્રવાસન નિગમની હોટેલ તોરણ ખાતેથી રંગબેરંગી પરેડ અને ભવ્ય શોભયાત્રાથી આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ડાંગના સ્થાનિક સંગીતના વાજિંત્રો, કલાકારો, મનોરંજક પાત્રો, અલગ અલગ વેશભૂષામાં સજ્જ કલાકારો, ડાંગી આદિવાસી નૃત્ય તેમજ વિવિધ પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી. જયારે 'મેઘ મલ્હાર પર્વ' ઉદ્ધાટન કાર્યક્રમ બાદ સ્ટેપ ગાર્ડન સર્કલ પાસેથી રરેઇન રન મેરેથોન ને પણ મંત્રી સહિતના મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરાવ્યું હતું. સાપુતારા આવતાં પ્રવાસીઓ, ડાંગની સ્થાનિક સંસ્કૃતિ સાથે પરિચય કેળવે અને સ્થાનિક કલાકારોને પણ રોજગારી મળી રહે તે હેતુથી કાર્યક્રમના મુખ્ય ડોમ ખાતે શુક્ર-શનિ-રવિ એમ જાહેર રજાના દિવસે, તેમજ સાપુતારાના મુખ્ય સર્કલ અને ગવર્નર હિલ ખાતે સાંજના સમયે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આગામી જન્માષ્ટમીના દિવસે ખાસ 'દહીં હાંડી' કાર્યક્રમનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન પ્રવાસીઓને ડાંગ જિલ્લાની આજુબાજુમાં આવેલા ૧૮ જેટલા મુખ્ય જોવાલાયક સ્થળો પણ જોવા, જાણવા અને માણવા મળશે. મોન્સુન ફેસ્ટિવલના ઉદઘાટન કાર્યક્રમમાં પ્રવાસન સચિવ રાજેન્દ્ર કુમારે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. જયારે કાર્યક્રમના અંતે મેનેજિંગ ડિરેક્ટર એસ. છાકછુઆકે આભાર દર્શન કર્યું હતું.

મહાપાલિકા દ્વારા સેન્ટ્રલ વિસ્ટામાં ઓલિમ્પિક ગેમ્સનું લાઈવ પ્રસારણ



ગાંધીનગર- પેરીસ ઓલિમ્પિકનો પ્રારંભ થઈ ચૂક્યો છે ત્યારે શહેરના યુવાઓ તેમજ રમતપ્રેમી નાગરિકો ઓલિમ્પિકની દરેક મેચની મજા માણી શકે તે હેતુસર ગાંધીનગર મહાપાલિકા દ્વારા શહેરના મધ્યે આવેલાં સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે લાઈવ પ્રસારણનું આયોજન કરવામાં આવેલ છે. આગામી ૨૦૩૬માં ગુજરાત ખાતે ઓલિમ્પિક્નું આયોજન કરવામાં આવનાર છે. દેશમાં રમાતી લોકપ્રિય રમતો સિવાય અન્ય ઓલિમ્પિક ગેમ્સમાં પણ આજના યુવાઓ ભાગ લે અને નવી રમતો શીખીને દેશ માટે મેડલ લાવે તે હેતુસર તંત્ર દ્વારા આ પ્રકારે લાઈવ પ્રસારણનું આયોજન કરાયેલ છે.

ઓલિમ્પિક ૨૦૨૪ની પૂર્ણાહુતી ન થાય ત્યાં સુધી નાગરિકો માટે સેન્ટ્રલ વિસ્ટા ખાતે લાઈવ પ્રસારણ કરવામાં આવશે, વરસાદી સીઝનને પણ ધ્યાને રાખીને તંત્ર દ્વારા યોગ્ય આયોજન કરવામાં આવેલ છે. ગુજરાતમાં ૨૦૩૬ની ઓલિમ્પિકનું આયોજન થવાનું છે ત્યારે આજના યુવાઓ દેશનું પ્રતિનિધિત્વ કરશે. અન્ય લોકપ્રિય રમતોની જેમ જ ઓલિમ્પિકની ગેમ્સમાં પણ શહેરના યુવાઓનો રસ કેળવાય અને દેશ માટે મેડલ મેળવે તે હેતુસર તંત્ર દ્વારા દરેક મેચનું લાઈવ પ્રસારણ કરાશે.

રસ્તાનું કામ અધૂરું મૂકાતા કાદવ સર્જાયો, અનેક વાહનચાલકો લપસીને પડતા ઇજા

સોનગઢ- સોનગઢ તાલુકાના જામખડી ગામના મુખ્ય રસ્તાથી ડુંગરી ફળિયાને જોડતો રસ્તો અત્યંત બિસમાર બની ગયો હતો.આ સંદર્ભે ગ્રામજનોની સતત રજુઆતના પગલે ચોમાસા પહેલાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે આ આંતરિક રસ્તાના નવીનીકરણનું કામ રૂપિયા ૭૦ લાખના ખર્ચ સાથે મંજૂર કરવામાં આવ્યું હતું અને જે તે એજન્સીને કામ પણ ફાળવી દેવામાં આવ્યું હતું.જો કે માથે ચોમાસુ દેખાતું હોવા છતાં રોડ નું કામ મંથર ગતિએ ચાલતું હતું અને હવે જ્યારે વરસાદ શરૂ થઈ ગયો છે ત્યારે કામ અધૂરું મૂકી એજન્સીના માણસો ચાલી ગયાં છે. પરંતુ કેટલુંક મટિરિયલ નંખાઈ ગયું હતું જેથી વરસાદ થતાં જ રસ્તા પરના કીચડ ના કારણે અહીં થી પસાર થતાં બાઈક ચાલકો સ્લીપ થવાના બનાવો પણ નોંધાઇ રહ્યાં છે.

કીમ ચાર રસ્તા નજીક સ્ટેટ હાઇવે પર કમરતોડ ખાડાઓ પડી જતાં વાહનચાલકો હેરાન પરેશાન

બારડોલી- સુરત જિલ્લામાં ચોમાસાની ઋતુમાં ઠેર ઠેર રસ્તાઓ બિસ્માર બની ગયા છે. કીમ માંડવી સ્ટેટ હાઇવે પર કીમ ચાર રસ્તા પાસે કમરતોડ ખાડાઓ પડી જતાં વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. રિક્ષાચાલકોને આવક કરતાં ખર્ચ વધી રહ્યો છે.

સુરત જિલ્લામાં ચાર પાંચ દિવસ અગાઉ ધોધમાર વરસાદ વરસ્યો હતો. સતત ચાર દિવસ વરસેલા ભારે વરસાદને લઈને ઠેર ઠેર તારાજી સર્જાઇ હતી. રસ્તાઓ બિસ્માર બની ગયા હતા. ત્યારે સુરતના કીમ ચારરસ્તા નજીક પસાર થતો માંડવી - કીમ માંડવી સ્ટેટ હાઇવે પર કમરતોડ ખાડાઓ પડી ગયા છે. સ્ટેટ હાઇવે પર પસાર થતાં હજારો વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે. વાહનોને પણ નુકશાન થઈ રહ્યું છે. તેમજ ભારે વરસાદમાં અવાર નવાર આ સ્ટેટ હાઇવે પર ઘૂંટણસમાં પાણી ભરાઇ જાય છે. જે દરમિયાન વાહનચાલકોને ખાડાઓનો અંદાજ આવતો નથી અને ખાડામાં પડતાં હોય છે. જેને લઇને સતત અકસ્માત પણ સર્જાય છે. તંત્ર ઝડપથી આ રસ્તાનું સમારકામ કરાવે એ હાલ જરૂરી બન્યું છે.

રાજયમાં ભારે વરસાદને પરિણામે નાગરિકોને સહાયરૂપ થવા વહીવટી તંત્ર ખડેપગે કાર્યરત

રાજયમાં ભારે વરસાદને પરિણામે ઉદભવેલ પરિસ્થિતિમાં નાગરિકોને સહાયરૂપ થવા વહીવટી તંત્ર ખડેપગે કાર્યરત રહીને સતત રાહત બચાવની કામગીરી કરી રહ્યું છે. વડોદરા શહેર નજીક વડસરમાં પાણી ભરાવાના કારણે સોસાયટીમાં ફસાયેલા લોકોને સલામત બહાર કાઢવાનું અભિયાન આજે ચોથા દિવસે પણ રાષ્ટ્રીય આપદા મોચન દળના જવાનો દ્વારા જારી રાખવામાં આવ્યું હતું. જેમાં ૦૭ વ્યક્તિને બોટમાં બેસાડી સલામત બહાર કાઢવામાં આવી હતી.

છેલ્લા ત્રણ દિવસમાં વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં પાણીમાં ફસાયેલા અને વિશ્વામિત્રી નદીના પૂરના કારણે અસર પામેલા ૨૬૨ લોકોને સલામત રીતે

એન.ડી. આર.એફ,એસ ડી.આર.એફ, પોલીસ,ફાયર બ્રિગેડ અને સ્થાનિક લોકોના સહયોગથી ઉગારી લેવામાં આવ્યા હતા.

ભારે વરસાદ અને વિશ્વામિત્રી નદીના જળસ્તરમાં વધારો થવાના કારણે પણ વડસરમાંથી અત્યાર સુધીમાં સ્થાનિક તંત્ર અને એનડી આરએફ દ્વારા વડસરમાંથી કુલ ૧૨૫ વ્યક્તિને સ્થળાંતરિત કરી આશ્રય સ્થાનમાં રાખવામાં આવી હતી. અગાઉ ૧,૮૭૭ અને ગઈકાલે ૩૬૪ સહિત કુલ ૨,૨૪૧ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું.જેપૈકી પાણી ઓસરતાં ૯૦૬ લોકો પોતાના ઘરેપરત ફર્યા છે.જયારે૧,૩૩૫ લોકો આશ્રય સ્થાનોમાં આશરો લઈ રહ્યા છે. આશ્રય સ્થાનોમાં જિલ્લા પ્રશાસન, વડોદરા મહાનગરપાલિકા અને સેવાભાવી સંસ્થાઓના સહયોગથી અસર ગ્રસ્તોને ભોજન, પીવાનું પાણી અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

વડોદરા શહેર જિલ્લામાં ભારે વરસાદને કારણે માનવ મૃત્યુ,માનવ ઈજા, મકાન નુકશાની, પશુ મૃત્યુ, કેશ ડોલ્સ સહાય ચુકવણી માટે સરવેની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. સરવેની કામગીરી પૂર્ણ થતાં અસરગ્રસ્તોને સહાયની રકમ ચૂકવવામાં આવશે.

નવસારી તાલુકાના આમ્રી ગામના આશ્રયસ્થાન ખાતે અંદાજીત ૧૩૫ જેટલા નાગરિકો રોકાયાં છે. જેઓ માટે જમવાની વ્યવસ્થા નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી છે. સમગ્ર નવસારી જિલ્લામાં અંદાજિત ૨,૦૩૦ જેટલા શહેરી વિસ્તારમાં અને ગ્રામ્યમાં ૧,૨૦૦ નાગરિકો માટે પ્રસાશન દ્વારા અંદાજીત ૧૨,૦૦૦ જેટલા ફૂડ પેકેટની વ્યવસ્થા વિવિધ ટીમ મારફત પહોચાડવામાં આવી છે.

તંત્રી લેખ.......

પૈસો સૌને પેદા કરવો છે અને તે પણ ઓછી મહેનતે, શક્ય તેટલી વધુ ઝડપે !

તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

લાગણીઓ પર યોગ્ય કાબૂ રાખી ન શકતા હોવ તો સ્ટોક ટ્રેડિંગથી દૂર રહી બેંક એફડીમાં જ ખુશ રહેવું કારણ કે 'મની ઈઝ ઈમોશન' ! પૈસાની લગતી તમામ બાબતો તમારી લાગણીઓ સાથે છૂપી કે દેખીતી રીતે સંકળાયેલી રહે છે. આ લાગણીઓ વ્યક્તિઓની પૈસા સંબધી નિર્ણયો લેવાની પ્રક્રિયાને પ્રભાવિત કરે છે. આ લાગણીઓ પર યોગ્ય નિયંત્રણ વ્યક્તિની વેપાર (ટ્રેડીગ) સફળતાનુ ખૂબ અગત્યનું પાસું છે.

તમે તમાકુનું સેવન કરતા હોવ કે ના કરતા હોવ પરંતુ તમાકુ અંગેની વૈધાનિક ચેતવણીથી તો પરિચિત હશો જ. તમાકુની પ્રોડક્ટસ ઉપર તો છાપેલી જ હોય છે પણ ફિલ્મ પહેલા અને ફિલ્મોમાં તેના ઉપયોગ દરમ્યાન પણ એ દર્શાવાય છે. આ ચેતવણી તમાકુનું સેવન અટકાવવામાં કેટલી મદદરૂપ છે તે ચર્ચાનો વિષય છે પરંતુ આજકાલ આવી બીજી એક ચેતવણીમાં મને રસ પડયો છે. ભારતમાં સ્ટોક માર્કેટની નિયમનકારી સંસ્થા સેબી (સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા) એ તાજેતરમાં આવી એક ચેતવણીને બધા જ બ્રોકરો અને ટ્રેડિંગ પ્લેટફોર્મ્સ માટે ફરજિયાત કરી છે અથવા એમ કહોને કરવી પડી છે. શેરબજારની ફાટફાટ થતી તેજીમાં આજકાલ તાત્કાલિક અને વગર મહેનતે પૈસા બનાવવાની ઘેલછામાં અનેક બિનઅનુભવીઓએ એટલા બધા પૈસા ગુમાવ્યા છે કે તેમનું હિત જાળવવા સેબીએ આ ચેતવણી ફરજિયાત કરવી પડી છે ! ચેતવણી, પૈસા કમાવાના શોર્ટ કટ તરીકે યુવાનોમાં પોપ્યુલર એવા, શેરના ફ્યુચર એન્ડ ઓપ્શન ટ્રેડિંગ માટે છે. ચેતવણી મુજબ 'આજ સુધી ઈક્વિટી ખઃ માં દસમાંથી નવ વ્યક્તિગત ટ્રેડર્સે ચોખ્ખી ખોટ કરી છે અને દુર્લભ કિસ્સાઓમાં જયારે તેઓએ ચોખ્ખો નફો કર્યો છે ત્યારે પણ નફાના ૧૫-૫૦% જેટલો વ્યવહાર ખર્ચ કરવો પડયો છે.' તમાકુથી કેન્સર થાય છે એ તો બધા જ જાણે છે પરંતુ વગર મહેનતે, તાત્કાલિક પૈસા કમાવાની લાલસાથી કૂદતાં લોકોને ભાગ્યે જ આ હકીકતનું જ્ઞાન હશે. વધુ ચોકાવનારી હકીકત તો એ છે કે ત્રણ વર્ષના સમયગાળામાં, જેઓ સક્રિયપણે ઈક્વિટી ફ્યુચર્સ અને ઓપ્શન્સનો વેપાર કરે છે તેમાંના ૧% કરતા પણ ઓછા લોકોએ બેંક ફિક્સ્ડ ડિપોઝિટ કરતા વધારે અથવા વાર્ષિક ૭% થી વધુ વળતર મળ્યું છે એવું ઝેરોધાના નીતિન કામથનું કહેવું છે ! રોડ પર પતંગ પકડવા દોડતા વ્યક્તિની આંખમાં પતંગ જ હોય છે, તેને અકસ્માત થવાની શક્યતા સાથે જાણે કોઈ લેવા-દેવા જ નથી હોતી, તેમ જેને પૈસા દેખાય છે એને આવી ચેતવણીઓની શું પડી હશે એ ચિંતનનો વિષય છે. અહીં એક નાનકડો પ્રશ્ન એ થઈ શકે કે દસમાંથી નવ ગુમાવે છે તો કમાય છે કોણ ?!! કમાય છે, મોટા રોકાણકારો, સંસ્થાકીય રોકાણકારો, વિદેશી રોકાણ સંસ્થાઓ, બ્રોકરેજ હાઉસિસ, બેન્કો, પર્સનલ વેલ્થ મેનેજર્સ, મ્યૂચ્યુઅલ ફંડ મેનેજર્સ વગેરે. આ બધાની જોખમ લેવાની અને રોકાણને પકડી રાખવાની ક્ષમતા અનેકગણી વધુ હોય છે, નાના કે સીમિત મૂડીવાળા ટ્રેડર્સની જેમ ખોટ ખાઈને વેચવું એમની મજબૂરી નથી હોતી. આ બધા તો ખોટ ખાય તો પણ ટેક્સમાં ફાયદો લેવા માટે ખાય છે !

પૈસાને લગતી તમામ બાબતો તમારી લાગણીઓ સાથે છૂપી કે દેખીતી રીતે સંકળાયેલી રહે છે. લોભ-લાલચ, ભય-અસલામતી, આશા-નિરાશા, હતાશા-ઉન્માદ વગેરે આ પૈકી પ્રમુખ લાગણીઓ છે. આ લાગણીઓ વ્યક્તિઓની, ખાસ કરીને વેપારીઓ (ટ્રેડર્સ)ની નિર્ણય લેવાની પ્રક્રિયાને પ્રભાવિત કરે છે. આ લાગણીઓ પર યોગ્ય નિયંત્રણ વ્યક્તિની વેપાર સફળતાનુ ખુબ અગત્યનું પાસું છે. લોભ-લાલચ કે ઉન્માદ, ઓવરટ્રેડિંગ અને ખૂબ જોખમ લેવા તરફ દોરી શકે છે, જયારે ડર-અસલામતી કે હતાશા, અન્ડરટ્રેડિંગ તરફ લઈ જાય છે અને તે સંજોગોમાં વ્યક્તિ આવનારી તકો ગુમાવી શકે છે. રોકાણમાં આશા નુકસાનમાં પણ પકડી રાખવાની વૃત્તિને પ્રબળ કરે છે, જયારે નિરાશા કમાણીમાં પણ નાના નફામાં નીકળી જવાની ઉતાવળ ઉભી કરે છે. આ મૂળભૂત લાગણીઓ ઉપરાંત, અન્ય સંખ્યાબંધ વૈજ્ઞાનિક પરિબળો છે જે ટ્રેડિંગ કામગીરીને અસર કરી શકે છે. તેમાં જોખમ લેવાની ક્ષમતા, આત્મવિશ્વાસ, રોકાણ અંગેની શિસ્ત અને માનસિક તાકાતનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે કે ઈન્ટ્રા-ડે કરતી વ્યક્તિઓની દાનત ઓછા રોકાણે વધુ કમાવાની હોય છે, તેમનું રિસ્ક-ટોલરન્સ કે જોખમ લેવાની ક્ષમતા ઓછી હોય છે,

ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર
સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058

UNVEIL
THE FUTURE WITH
JAPANESE
TECHNOLOGY
JAPANESE TECHNOLOGY
No.1
1800 1200 76547
SOLIS
www.solis-yanmar.com

સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

જન્મથી મરણ સુધી ચાલતુ માણસનુ જીવનચક્ર

મનોમંથન
જિતેન્દ્રસિંહ ઠાકોર
Mob. 94284 45632
darbarkim@gmail.com

દરરોજ સવાર પડે અને એમ લાગે કે જીવનમા પૈસાની ખૂબ જરૂર છે પરંતુ પૈસા કમાવા માટે આખો દિવસ મહેનત અને દોડાદોડી કર્યા પછી સાંજ પડે અને ઘરે પહોંચીએ ત્યારે ઘરમા પહોંચીને એમ લાગે કે જીવનમા પૈસા કરતા પણ માનસિક શાંતિ અને આત્મ સંતોષ ખૂબ જરૂરી છે.

માણસને જિદગી જીવવા માટે પૈસા જરૂરી છે તે વાત સાચી પરંતુ પૈસા કમાવા માટે માણસ જયારે પોતાનુ સુખ ચેન દાવ પર લગાવી દે, પૈસા કમાવા માટે નૈતિકતા છોડીને શોર્ટકટ શોધવા માડે અને પૈસાને જ સર્વસ્વ સમજવા માડે ત્યારથી એના દુ:ખની શરૂઆત થઈ જાય છે. શોર્ટ કટથી પૈસા તો કમાઈ શકાય છે પરંતુ મનની શાંતિ કદી મળતી નથી તે હકીકત છે. ગરીબ વ્યકિત પાસે પૈસા ન હોય પરંતુ મનની શાંતિ હોય શકે અને ધનવાન વ્યકિત પાસે અઢળક પૈસા હોય પરંતુ એને રાત્રે ઉંઘ ન આવતી હોય એવુ પણ બની શકે છે !! જીવનમા કેટલીક સમસ્યાઓ એટલા માટે આવે છે કે આપણે આપણા જીવનમા શુ વધારે જરૂરી છે અને કઈ વસ્તુઓ એવી છે કે જેના વગર પણ જીવન આરામથી જીવી શકાય છે એ આપણે નક્કી કરવુ પડે છે અને જે માણસને આ નક્કી કરતા આવડી જાય એ માણસ પાસે પૈસા ઓછા હોય તો પણ તે પૈસાદાર વ્યકિત કરતા વધારે સુખી હોય છે. માણસ સુખ અને શાંતિ શોધે છે અને એના માટે આખી જીંદગી પૈસા અને ભૌતિક ચીજ વસ્તુઓ ભેગી કર્યા કરે છે છતા તેને તેની અપેક્ષા મુજબનુ સુખ કે શાતિ મળતા નથી તેનુ કારણ એ છે કે સુખ શાંતિ મેળવવા માટે પૈસા કે ચીજ વસ્તુઓ ભેગુ કરવાની નહી પરંતુ તેને છોડવાની જરૂર છે અને જે વ્યકિતમા ત્યાગની ભાવના હોય, કંઈક જતુ કરવાની ભાવના હોય એ વ્યકિત દરેક પરિસ્થિતિમા ખુશ અને સુખી રહી શકે છે. જન્મથી લઈને મરણ સુધીના જીવનચક્રમા સાચી સુખ શાંતિ માટે માણસ ભટકતો રહે છે કારણ કે તેને જીવનનો સાચો મતલબ જ ખબર નથી. અસ્તુ .

માણસ સુખ અને શાંતિ શોધે છે અને એના માટે આખી જીંદગી પૈસા અને ભૌતિક ચીજ વસ્તુઓ ભેગી કર્યા કરે છે છતા તેને તેની અપેક્ષા મુજબનુ સુખ કે શાતિ મળતા નથી

સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરના અધ્યક્ષ સ્થાને એસ્પિરેશનલ બ્લોક્સ અંતર્ગત વ્યારા ખાતે સમીક્ષા બેઠક યોજાઈ

TEAM TAPI
CONFERENCE HALL
TAPI VYARA

તાપી- નાગરિકોના જીવન ધોરણ ઉંચા લાવવા માટે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૮ માં વિકાસના અંતરાલોને દુર કરવા માટે દુરંદેશી વિચાર વ્યક્ત કર્યો અને સમગ્ર દેશભરમાં ૧૧૨ જિલ્લાઓ અને ૫૦૦ જેટલા બ્લોક્સ માં સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓના માધ્યમથી શાસન સુધારવા ઉમદા પ્રયાસ કર્યો હતો.

આજ રોજ ગુજરાત રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવશ્રી કે.કે. નિરાલા ના અધ્યક્ષ સ્થાને તાપી જિલ્લામાં સંપૂર્ણતા અભિયાન હેઠળ નિઝર અને કુકરમુંડા તાલુકાઓમાં માળખાગત સુવિધાઓ સહિત જુદા જુદા વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા હાથ ધરી હતી. તાપી જિલ્લામાં થયેલ કામગીરી અંગે ખુશી વ્યક્ત કરતા સચિવશ્રી નિરાલાએ જણાવ્યું હતું કે બીજા જિલ્લાઓની સરખામણીમાં તાપી જિલ્લામાં ખૂબ સારી કામગીરી કરવામાં આવી છે. નાના પાયાના કર્મચારીઓ અને વિવિધ વિભાગોના સંકલનથી નીતિ આયોગના સૂચકાંકને સિધ્ધ કરવા માટે ટીમ તાપીનો પ્રયાસ સરાહનિય છે. ગ્રામીણ ક્ષેત્રમાં આંગણવાડી કાર્યકર અને આશાવર્કર બહેનોની કામગીરી બિરદાવીને પ્રોત્સાહન આપવું જોઈએ.બાળવિવાહ ન થાય તે માટે સ્થાનિક ગ્રામજનો સાથે સંવાદ કરવો તેમજ જે પણ વિગતો હોય તે સચોટ રજુ કરવી જેથી ખરેખર થયેલી કામગીરી ઉજાગર થાય. આંગણવાડી કાર્યકરોનું દાયિત્વ છે કે બાળકોનું વજન અને ઉંચાઈ માં ચોક્સાઈ રાખે.

કલેક્ટરશ્રી ડો.વિપિન ગર્ગ એ જણાવ્યું હતુ કે શાળાઓમાં આરોગ્ય ચકાસણી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. ખાસ કરીને મહિલાઓને સરકારશ્રીની યોજનાઓનો લાભ મળી રહે તે માટે અમે સતત કાળજી લઈ રહ્યા છીએ. કન્યાઓમાં શિક્ષણ વધે અને બાળલગ્ન ન થાય તે માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે.

તાપી જિલ્લામાં સોશ્યલ ડેવલોપમેન્ટ માટે બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર હેલ્થ સેન્ટરો ઉપર મેનપાવર વેકેન્સી નીતિ આયોગના ઈન્ડીકેટર મુજબ ૯૮ ટકા છે. જુન અંતિત કુકરમુંડામાં ૩૭૨ સગર્ભા મહિલાઓ અને નિઝરમાં ૪૦૨ સગર્ભા મહિલાઓને સો ટકા યોજનાકિય સહાય આપવામાં આવી છે.ખેતીવાડી ક્ષેત્રે ખેડૂતોને સોઈલ હેલ્થકાર્ડ ની કામગીરી ચાલુ છે પી. એમ. કિસાન યોજનામાં ૨૬૬ લાભાર્થીઓના કે. વાય. સી. થઈ ગયા છે. કુકરમુંડામાં ૧૮૦ લાભાર્થીઓને મળી કુલ ૬૦ ટકા કામગીરી પૂર્ણ થઈ છે. ગ્રામવિકાસ વિભાગ દ્વારા ૪૦ એસ.એચ.જી. જૂથોને રીવોલ્વીગ ફંડ આપવામાં આવ્યું છે. ૨૪૨ જૂથોને કેશક્રેડિટ લોન આપવામાં આવી છે.

સરકારની નિષ્ફળતા પર કોગ્રેસના આકરા પ્રહાર

સુરત જિલ્લા કોગ્રેસ સમિતિના આગેવાનોએ માંગરોળના પૂર અસરગ્રસ્ત ગામોની મુલાકાત કરી લોકોની વેદના સાંભળી

બારડોલી- માંગરોળ તાલુકામાં તારીખ ૨૪ના રોજ આવેલા પૂરમાં અનેક ગામોમાં ભારે તારાજી સર્જાય છે. લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે સુરત જિલ્લા કોગ્રેસ સમિતિના પ્રમુખ મનહર પટેલ, માંડવીના પૂર્વ ધારાસભ્ય આનંદ ચૌધરી, શંકર ચૌધરી તેમજ સ્થાનિક કોગ્રેસ સમિતિના પ્રમુખ શામજી ચૌધરી જિલ્લા કોગ્રેસ મહામંત્રી શાહબુદ્દીન મલેક રૂપસિંગ ગામીત, પ્રકાશ ગામીત, અયાઝ મલેક, સઇદ ભાણા, યાકુબ પઠાણ સહિતના આગેવાનોએ કોસાડી ગામની મુલાકાત લીધી હતી.

આ દરમિયાન અનેક ઘરોમાં પાણી ભરાવાથી થયેલા નુકસાનને જોયું હતું. કોસાડી ગામે ૪ કરોડના ખર્ચે કીમ નદી પર નિર્માણ થયેલા પાળા યોજનામાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર થયો હોવાનો આરોપ કોગ્રેસના આગેવાનોએ સત્તાધારી પક્ષ પર લગાવ્યો હતો.

લિંબાડા ગામના પૂર પ્રભાવિત ભાઠા ફળિયાની મુલાકાત લઇ લોકોની વેદના સાંભળી હતી. જિલ્લા કોગ્રેસ સમિતિના પ્રમુખ મનહરભાઈ પટેલે સરકાર અને વહીવટી તંત્ર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું કે, પાંચ પાંચ દિવસ વીતવા છતાં અત્યાર સુધીમાં એકપણ પૂર પ્રભાવિત પરિવારને સરકારની કોઈપણ જાતની સહાય મળી નથી. ફળિયાઓમાં ગંદકી કાદવ કીચડનું સામ્રાજ્ય વ્યાપી ગયું છે. સરકાર માત્ર વિકાસની વાતો કરી રહી છે પરંતુ આ ગામના આદિવાસી ફળિયાઓમાં કોઈ વિકાસ દેખાતો નથી. ગરીબાઈની હાલતમાં આદિવાસી સમાજ જીવી રહ્યો છે. હાલના તબક્કે સરકાર પૂરગ્રસ્તોને તાત્કાલિક ધોરણે હવે મદદ નહીં કરે તો કોગ્રેસ સમિતિ ગરીબોના ન્યાય માટે મામલતદાર કચેરી ખાતે આંદોલન કરશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

માંડવીના પૂર્વ ધારાસભ્ય આનંદભાઈ ચૌધરીએ જણાવ્યુ કે, પૂરગ્રસ્ત ગામના લોકોને હજી કેશડોલ ચૂકવાઇ નથી એ સરકારની નિષ્ફળતા બતાવે છે. ઘરવખરીને નુકસાન થયું છે મકાનો પડી ગયા છે. ત્યારે કોગ્રેસ સમિતિ આ તમામ મુદ્દા સરકાર સમક્ષ મૂકી રહી છે. ગરીબોને ન્યાય મળે તેવા પ્રયાસ કોગ્રેસ સમિતિ કરી રહી છે. વધુમાં તેમણે જણાવ્યું કે, કોસાડી ગામે કીમ નદી પર ચાર કરોડની પાળા યોજનામાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો છે. જેને કારણે લોકોના ઘર સુધી નદીના પાણી આવી ગયા છે. ગ્રામજનોની માગણી મુજબ નદી પર બનાવેલો પાળો ઊંચો કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

Date-31/07/2024 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

વ્યારા ખાતે તાપી પોલીસ આયોજીત લોન/ધિરાણ કેમ્પ યોજાયો

વ્યાજનું દુષણ એ સમાજનો સૌથી મોટો ગુનો છે.વ્યાજખોરોએ માનવતાનો ધર્મ બજાવવો જોઈએ -ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી

તાપી- તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા (શ્યામાપ્રસાદ મુખર્જી ટાઉન હોલ) ખાતે આજે તા. ૨૭/૦૭/૨૦૨૪ ના રોજ તાપી જીલ્લા પોલીસ આયોજીત લોન-ધિરાણ કેમ્પ ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ વેળાએ વન અને પર્યાવરણ રાજયમંત્રી અને તાપી જિલ્લા પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવા, સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, ધારાસભ્યશ્રીઓ ડો.જયરામભાઈ ગામીત, મોહનભાઈ ઢોડિયા, મોહનભાઈ કોકણી,પોલીસ મહાનિરીક્ષકશ્રી પ્રેમ વીર સિંહ, નગર પાલિકા પ્રમુખ રીતેશભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા.

લોન-ધિરાણ મેળામાં લાભાર્થીઓને સંબોધતા ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે તાપી પોલીસ ખૂબ સારૂ કામ કરી રહી છે. છેલ્લા એક વર્ષમાં ટ્રાફિક ડ્રાઈવ કરીને તેઓની પાસે અકસ્માત નિવારવા દંડ વસુલવાના ઈરાદો નહીં પરંતુ લોકોનું જીવન ફાઈન કરવાના ઉદ્દેશ્ય સાથે કામગીરી કરવામાં આવી છે. ૬ થી વધુ ડ્રગ્સના ગુનાઓ પકડી યુવાપેઢીનું ભવિષ્ય બચાવ્યું છે. જે ખરેખર અભિનંદનને પાત્ર છે.વ્યાજનું દુષણ એ સમાજનો સૌથી મોટો ગુનો છે. રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ ગૃહ વિભાગે વ્યાજખોરો સામેની લડાઈ હાથમાં લીધી છે. દ્વારકા,અંબાજીથી લઈને ઉમરગામ સુધી હજારો લોકોને વ્યાજખોરોની ચુંગાલમાંથી છોડાવવાનું કામ ગુજરાત પોલીસે કર્યું છે. લોકો વિશ્વાસ રાખીને પોતાનું ઘર, સોનુ, મંગલસૂત્ર,કોરો ચેક વિગેરે ગિરવે મુકીને પોતાનું જીવન જીવવાનો પ્રયાસ કરે છે. ત્યારે વ્યાજખોરોએ માનવતાનો ધર્મ બજાવવો જોઈએ તેના બદલે દાનવતાનો ધર્મ બજાવે છે. સુરત શહેરમાં અનેક લોકોને પોતાના સપનાના ઘર પાછા અપાવ્યા છે. તાપી પોલીસ આજે દિકરાની ફરજ બજાવી રહી છે. સમાજમાં ગરીબ માણસો ફરિયાદ કરવા પણ નથી જતા ગુજરાતના પ્રત્યેક નાગરિકને ન્યાય મળવો જ જોઈએ.

પોલીસ મહાનિરિક્ષકશ્રી પ્રેમ વીર સિંહે જણાવ્યું હતું કે આ શુભ અવસરે લોન/ધિરાણ મેળાની કામગીરીને બિરદાવું છું. છેલ્લા એક વર્ષમાં ૧૬૧ ગુનાઓમાં ૨૧૯ આરોપીઓની અટક કરવામાં આવી છે. તાપીમાં ૧૦ ગુનાઓમાં ૧૪ આરોપી અટક કરાઈ છે. સરકારશ્રીની યોજનાઓના સથવારે આખી રેન્જમાં ૫૫૦૦ થી વધુ લોન અરજીઓ પૈકી ૪૧૦૦ લાભાર્થીઓને રૂા. ૫૭ કરોડની લોન આપવામાં આવી છે. આજે તાપીમાં ૧૩૮૪ અરજીઓ સાથે કુલ રૂા.૩૬ કરોડથી વધુની લોન સહાય આપવામાં આવી છે. જે માટે તમામ બેન્કો તરફથી ખૂબ સારો સહકાર મળ્યો છે.

જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલે જણાવ્યું હતું કે પોલીસનો અભિગમ બદલાયો છે. હવે પોલીસ પ્રજા પાસે જાય છે. જેના ભાગરૂપે લોકો સુરક્ષિત સલામતિ અનુભવે છે. 'તમારી ત્રણ વાત અમારી ત્રણ વાત' તેરા તુજકો અર્પણ જેવા કાર્યક્રમો યોજીને લૂટ,ધાડ,ઠગાઈના ગુનાઓમાં ૧.૧૬ કરોડનો મુદ્દામાલ લોકોને પરત અપાવ્યો છે.

આજે યોજાયેલા લોન મેળામાં ૩૧ લાભાર્થીઓને રૂા.૩૬.૩૬ કરોડની લોન સહાય મહાનુભાવોના હસ્તે અર્પણ કરાઈ હતી. ધામોદલા ગામના કોતરમાં તણાઈ જતા વૃધ્ધને બચાવનાર ટી.આર.બી. ના જવાન મનિષભાઈ શંકરભાઈ ચૌધરી, યોગેશભાઈ બાબુભાઈ ચૌધરીનું મહાનુભાવોએ સન્માન કર્યું હતું.

આ પ્રસંગે તમામ બેન્કોના મેનેજરશ્રીઓ, લીડ બેંક મેનેજર રસિકભાઈ જેઠવા,મયંકભાઈ જોશી, વિક્રમભાઈ તરસાડિયા, ડો. નિલેશ ચૌધરી, પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ અને નગરજનો અને પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ નાયબ પોલીસ અધિક્ષક પી.જી. નરવડેએ કરી હતી.

તાપી LCB પોલીસે વાલોડના બુટવાડા ગામે ચોરીના કોમ્પ્યુટરો અને ૩૧ હજારના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપ્યો, ૨ ને વોન્ટેડ જાહેર કરાયા

લોકલ ક્રાઇમ બ્રાંચ
એલ.સી.બી.
વ્યારા, જી.તાપી

તાપી (વ્યારા)- વાલોડ વિસ્તારમાં આવેલા બુટવાડા ગામની કોઈક કંપનીમાં ચાર મહિના પહેલા કોમ્પ્યુટર ચોરી થઈ હોવાની પોલીસે ફરિયાદ નોંધી હતી. જેમાં આજે તાપી LCB પોલીસને સફળતા મળી છે. પોલીસે એક આરોપીને રૂ.૩૧,૦૦૦ નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડી, ૨ આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે.

મળતી માહિતી મુજબ, ચાર મહિના અગાઉ સોનગઢ વાલોડ સ્ટેશનમાં બુટવાડા ગામની એક કંપનીમાં ચોરી થયાની ફરિયાદ વાલોડ પોલીસ મથકે નોંધાઈ હતી. જેની પોલીસે તપાસ શરૂ કરી હતી. LCB પોલીસના માણસો વણ શોધાયેલા ગુનાની તપાસમાં હતા. તે દરમિયાન ASI ગણપતભાઈ તથા વિનોદભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે, વાલોડ તાલુકાના સેઢી ફળિયામાં રહેતો રોનક હળપતિ નામનો ઇસમ પોતાના ઘરે ચોરીના કોમ્પ્યુટર રાખી અને તે વેચવા માટે અલગ અલગ માણસોને સંપર્ક કરે છે.

મળેલી બાતમીનાં આધારે LCB પોલીસનાં માણસોએ વાલોડ તાલુકાના સેઢી ફળીયા ખાતેથી બાતમીવાળા ઇસમના ત્યાં જઈ તપાસ કરતા આરોપીના ઘરમાંથી મોનીટર, ૨ બોર્ડ તથા ૨ માઉસ મળી આવ્યા હતા. જે બાબતે પુછપરછ કરતા પકડાયેલા ઇસમને ઉપરોક્ત સામાન ક્યાંથી અને કોના પાસેથી લાવેલાની બાબતે સઘન પુછપરછ કરતા ઉપરોક્ત તમામ સામાન તેના ફળીયાનો તેના ૨ મિત્રોએ આશરે ચારેક મહિના પહેલા બુટવાડા ખાતેથી કોઇ કંપનીમાંથી ચોરી કરી લાવી વેચવા માટે આપેલો હોવાનું જણાવ્યું હતું.

જે અંગે વાલોડ પોલીસ સ્ટેશને ખાતરી કરાવતા વાલોડ પો.સ્ટેમાં ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો રજીસ્ટર થયેલો હોવાનું જણાય આવતા પકડાયેલા સામાનમાં મોનીટર, ૨ કિ-બોર્ડ તથા ૨ માઉસ આમ કુલ કિં.રૂ.૩૧,૦૦૦ ના મુદ્દામાલ રીકવર કલમ-૧૦૬ મુજબ કબ્જે કરી અન્ય ૨ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. વધુ તપાસ માટે આરોપીને વાલોડ પોસ્ટે. ખાતે સોપવામાં આવેલા છે.

તમારો ક્રેડિટ કાર્ડ બંધ થઇ ગયો છે કહી આધેડ સાથે ૧.૫૮ લાખની છેતરપિંડી

cyber
fraud

બારડોલી- બારડોલીના શાસ્ત્રી રોડ પર પરસોત્તમ નગર સોસાયટીમાં રહેતા હીરા દલાલ સુંદરસિંહ પ્રેમસિંહ તોમરના મોબાઇલ પર ગત માર્ચમાં એક અજાણ્યાનો ફોન આવ્યો હતો આવ્યો હતો અને તમારો ક્રેડિટ કાર્ડ બંધ થઈ ગયો છે અને તે કોઈપણ પ્રકારના ચાર્જ વગર ક્રેડિટ કાર્ડ ફરી ચાલુ કરી આપવાનું જણાવ્યુ હતું.

આથી સુંદરસિંહ તેમની વાતોમાં આવી ગયા હતા અને તેમના ફોન પર આવેલો ઓટીપી નંબર આપી દેતાં તેમના ક્રેડિટ કાર્ડમાંથી હજાર ઉપડી ગયા હતા. ત્યારબાદ ફરીથી એક ઓટીપી આવતા તે ઓટીપી આપતાની સાથે જ બેન્ક બેન્ક ખાતામાંથી રૂ. ૫૦ હજાર અને ત્યારબાદ વધુ એક ઓટીપી નંબર આપતા બેન્ક ખાતામાંથી બીજા ૭૮ હજાર રૂપિયા ઉપડી ગયા હતા. તે સમયે સાઇબર ફ્રોડ હેલ્પલાઇનમાં ફરિયાદ કરી હતી. દરમિયાન શુક્રવારના રોજ સુંદરસિંહે બારડોલી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભદેલી મોટાફળીયા પ્રાથમિક શાળામાં સિદ્ધિ માટે શાળાના આચાર્યશ્રી દ્વારા તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ને અભિનંદન આપી ભવિષ્યમાં પણ વિશેષ સિદ્ધિઓ મેળવે તેવિ શુભકામના પાઠવી

ભદેલી મોટાફળીયા પ્રાથમિક શાળા, તા.જી, વલસાડ ના છેક દરિયા કિનારે આવેલા વિસ્તાર ની આ શાળામાં ભૂતકાળના સમયની જેમ આજે પણ વિદ્યાર્થીઓ ની પ્રતિભા ના દર્શન કરાવનાર અનેક કાર્યક્રમો ખુબ જ ઉત્સાહ થી ઉજવણી કરતા રહીયા છીએ. આ ઉપરાંત શાળામાં વિવિધ સરકાર શ્રી ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ પણ આપતાં હોય છે આ શાળામાં NMMS ની પરીક્ષા માં ધોરણ -૮ માં કુલ ૧૫ વિદ્યાર્થીઓ હતા તેમાંથી ૩ વિદ્યાર્થી ઓ સારા માર્ક્સ મેળવી પાસ થયા હતા. તે ઉપરાંત જ્ઞાન સાધના પરીક્ષામાં ૧ વિદ્યાર્થી રાજ્ય કક્ષાએ મેરીટ માં આવેલ છે. આ જ પ્રમાણે ધોરણ -૫ ની શિષ્યવૃત્તિ ની પરીક્ષા માં કુલ ૧૯ વિદ્યાર્થી માંથી ૧૦ વિદ્યાર્થી ઓ પાસ થયા છે. તેમજ ૫ વિદ્યાર્થી ઓ એ રાજ્ય કક્ષાએ મેરીટમાં સ્થાન મેળવેલ છે. શાળાના સ્ટાફમાંથી સંગીતાબેન, પન્નાબેન, પ્રજ્ઞેશભાઈ, નિરાલીબેન અને હેમંતભાઈ દ્વારા વિશેષ તૈયારી કરાવી હતી. શાળાની આ સિદ્ધિ માટે શાળાના આચાર્યશ્રી અલ્કેશભાઈ દ્વારા આ તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો નો અભિનંદન આપી ભવિષ્યમાં પણ વિશેષ સિદ્ધિઓ મેળવે તેવિ શુભકામના પાઠવી હતી.

શિષ્યવૃત્તિ ની પરીક્ષા માં કુલ ૧૯ વિદ્યાર્થી માંથી ૧૦ વિદ્યાર્થી ઓ પાસ

તારાજથી ડમ્પરમાંથી ડીઝલ ચોરી કરતી ટોળકી ઝડપાઇ

પોલીસે દરોડા પાડી ડીઝલ ચોરી કરતાં અને ખરીદનાર ત્રણ ઇસમોને ઝડપી પાડી ૭ હજારનું ડીઝલ અને એક કાર તેમજ મોબાઇલ મળી ૫.૩૩ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો

પલસાણા પોલીસ સ્ટેશન

બારડોલી- પલસાણા તાલુકાના તારાજ ગામે નેશનલ હાઇવે નંબર ૫૩ પર પાર્ક કરેલ ડમ્પરમાંથી ડ્રાઇવરના મેળાપીપણામાં ડીઝલ ચોરી થતી હોવાની બાતમીના આધારે પલસાણા પોલીસે દરોડા પાડી ડીઝલ ચોરી કરતાં અને ખરીદનાર ત્રણ ઇસમોને ઝડપી પાડી ૭ હજારનું ડીઝલ અને એક કાર તેમજ મોબાઇલ મળી ૫.૩૩ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પલસાણા પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે, તારાજ ગામની સીમમાં આવેલ પલસાણાથી સચિન જતાં રોડ પર નેશનલ હાઇવે નંબર ૫૩ના સર્વિસ રોડની બાજુમાં એક ડમ્પરમાંથી ડીઝલ કાઢી એક સ્વિફ્ટ ગાડીમાં આ ડીઝલનો જથ્થો મૂકવામાં આવી રહ્યો છે. જે બાતમીના આધારે પોલીસ સ્ટાફના માણસોએ રેડ કરતાં સ્વિફ્ટ કારમાં રાખવામાં આવેલા કેરબામાંથી ૮૦ લિટર જેટલું ડીઝલ કિંમત રૂ. ૭૩૬૦, એક કાર કિંમત રૂ. ૫ લાખ અને ત્રણ મોબાઇલ કિંમત રૂ. ૨૫૦૦૦ અને રોકડા રૂ. ૮૦૦ મળી ૫૩૩૧૬૦ રૂપિયાના મુદ્દામાલ સાથે પોલીસે બીરેન્દ્ર પ્રભુસિંગ રાજપૂત (ઉ.વ.૪૬, રહે ક્રિષ્ના એપાર્ટમેન્ટ, બાલાજી ગ્રીનસિટી, કડોદરા, મૂળ રહે હરિયાણા), મનસુખ ચંદ્રશેખર પાસવાન (ઉ.વ.૪૯, રહે સમર્થ સાઈ ટ્રાન્સપોર્ટમગદલ્લા બંદર, સુરત, મૂળ રહે ઝારખંડ) અને જનક અદાલત યાદવ (ઉ.વ.૪૨, રહે. સમર્થ સાઈ ટ્રાન્સપોર્ટ મગદલ્લા બંદર, સુરત, મૂળ રહે બિહાર) ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરત જિલ્લામાં સિઝનના ૪૫.૬ ઇંચ સાથે ૭૮% વરસાદ પડ્યો, ઉકાઈ ડેમની સપાટી મહિનામાં ૧૬ ફૂટ વધી

ગત અઠવાડિયામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. રવિવારે શરૂ થયેલો વરસાદ એકધારો બુધવાર સુધી વરસ્યા બાદ અટકયો હતો.

સુરત- સુરતમાં હવામાન વિભાગની આગાહી પ્રમાણે આજે (૨૯ જુલાઈ) વહેલી સવારથી વરસાદી માહોલ છે. શહેરના અનેક વિસ્તારોમાં વહેલી સવારથી હળવો વરસાદ પડી રહ્યો છે. અત્યાર સુધીમાં સરેરાશ એક ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત જિલ્લામાં સીઝનના ૪૫.૬ ઇંચ સાથે ૭૮ ટકા વરસાદ થયો છે. જયારે દક્ષિણ ગુજરાતની જીવાદોરી ઉકાઈ ડેમની સપાટી મહિનામાં ૧૬ ફૂટ વધી છે.

સુરત શહેરમાં મેઘમહેર જોવા મળી હતી. જો કે, છેલ્લા બે-ત્રણ દિવસથી મેઘરાજાએ વિરામ લીધો હતો અને છુટા-છવાયા વરસાદી ઝાપટા જ પડી રહ્યા હતા. દરમિયાન આજે વહેલી સવારથી ફરી એક વખત મેઘરાજાની સવારી કાળા ડીબાંગ વાદળો સાથે સુરત શહેર આવી પહોંચી છે. વહેલી સવારથી જ સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. જેને લઈને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

તો બીજી તરફ વહેલી સવારે વરસાદી માહોલ હોવાથી સ્કૂલ-કોલેજ તેમજ નોકરી- ધંધે જતા લોકોને રેઇનકોટ અને છત્રી સાથે જવાની ફરજ પડી હતી. જયારે કેટલાક વિસ્તારમાં રસ્તા પર પાણી પણ ફરી વળ્યા હતા. સુરત સિટીમાં એક ઇંચ જેટલો હળવો વરસાદ પડ્યો છે. સુરત જિલ્લાની વાત કરીએ તો સવારે સવારે ૬થી ૧૦ વાગ્યા સુધીમાં ઓલપાડ, માંગરોળ, ઉમરપાડા, માંડવી, કામરેજ, ચોરાસી, પલસાણા, બારડોલી અને મહુવામાં પણ વરસાદ નોંધાયો હતો.

ગત અઠવાડિયામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. રવિવારે શરૂ થયેલો વરસાદ એકધારો બુધવાર સુધી વરસ્યા બાદ અટક્યો હતો. ત્યારબાદ આજદીન સુધી સુરત શહેર અને જિલ્લામાં હળવો વરસાદ નોંધાયો હતો.

જોઈએ છે..! જોઈએ છે..!

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, (GUJARAT).